દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શનિવાર ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬

# સરકાર પગલા નહીં લે તો મિડલ ઈસ્ટનું યુદ્ધ ભારતને મોંઘવારીના ખપ્પરમાં ધકેલી દેશે

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ દ્વારા તાજેતરમાં જારી કરવામાં આવેલા પ્રાદેશિક આર્થિક દ્રષ્ટિકોણ અહેવાલે વૈશ્વિક અર્થતંત્ર અને વિશેષ કરીને ભારત જેવા વિકાસશીલ દેશો માટે એક ગંભીર ઘંટડી વગાડી છે. મધ્ય પૂર્વ (મિડલ ઈસ્ટ)માં લાંબા સમયથી ચાલી રહેલા ભયાનક યુદ્ધ અને ભૂ-રાજકીય તણાવની સીધી અસર હવે વૈશ્વિક બજારમાં ઊર્જા અને ક્રૂડ ઓઇલના ભાવ પર દેખાઈ રહી છે. આઈએમએફની ચેતવણી સ્પષ્ટ છે કે જો આ સંઘર્ષ લાંબો સમય ચાલશે અને કાચા તેલની કિંમતો ઊંચી રહેશે, તો ભારત સહિતના દેશોને ફુગાવા (મોંઘવારી) ના નવા અને તીવ્ર દબાણનો સામનો કરવો પડશે. આ સ્થિતિ માત્ર દેશના આર્થિક વિકાસની ગતિને રૂંધશે જ નહીં, પરંતુ સામાન્ય માનવીના જીવનનિર્વાહના ખર્ચને પણ અસહ્ય બનાવી શકે છે.

આ કટોકટીભર્યા વાતાવરણમાં ભારતે પોતાની દીર્ઘદ્રષ્ટિ અને કૂટનીતિક કુશળતાના બળે અત્યાર સુધી પરિસ્થિતિને કાબૂમાં રાખવાના શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છે. અહેવાલ મુજબ, ભારતે મધ્ય પૂર્વ સિવાયના વૈકલ્પિક વૈશ્વિક બજારોમાંથી તેલની આયાત કરીને પોતાના પુરવઠાને સુચારુ રાખવામાં સફળતા મેળવી છે. ભારત ઉપરાંત જાપાન અને દક્ષિણ કોરિયા જેવા મોટા એશિયન દેશોએ પણ પોતાના સપ્લાય સ્ત્રોતોમાં સમયસર ફેરફાર કરીને જૂન મહિનાથી જ તેલની આયાતને યુદ્ધ પહેલાના સ્તરે પહોંચાડી દીધી છે. જોકે, આ આંતરિક વ્યવસ્થાપન છતાં, વૈશ્વિક સ્તરે સતત ઊંચા રહેતા ઊર્જાના ભાવ અને સપ્લાય ચેઇનના વિક્ષેપો લાંબા ગાળે આંતરિક અર્થતંત્ર માટે ગંભીર પડકારો ઊભા કરી શકે છે. આ કટોકટીનું માત્ર એક પાસું કાચા તેલના ભાવ નથી. આઈએમએફના અહેવાલમાં એક ખાસ અને ચિંતાજનક મુદ્દો એ ઉઠાવવામાં આવ્યો છે કે માત્ર ક્રૂડ ઓઇલ જ નહીં, પરંતુ રિફાઇન્ડ પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ–ખાસ કરીને ડીઝલ અને જેટ ફ્યુઅલ (વિમાની ઈંધણ)ના ભાવમાં ક્રૂડ કરતાં પણ વધુ ઝડપી ઉછાળો આવ્યો છે.

આ યુદ્ધ ડીઝલ અને પરિવહન ઈંધણનું મોંઘું થવું સીધી રીતે માલસામાનની હેરાફેરીને અસર કરે છે. દેશમાં કોઈપણ ચીજવસ્તુના ઉત્પાદનથી લઈને તેને બજાર સુધી પહોંચાડવા સુધીના પરિવહન અને ઉત્પાદન ખર્ચમાં મોટો વધારો થાય છે. જ્યારે દેશમાં ઈંધણ અને પરિવહન મોંઘા થાય છે, ત્યારે ઉદ્યોગોનો પ્રોડક્શન કોસ્ટ વધી જાય છે. આનાથી કંપનીઓના નફાનું માર્જિન ઘટે છે અને તેઓ નવા રોકાણ કે વિસ્તરણ તરફ આગળ વધવામાં સંકોચ અનુભવે છે. પરિણામે, દેશના આર્થિક વિકાસનો દર ધીમો પડી જાય છે. બીજી બાજુ, બજારમાં રોજિંદી વપરાશની વસ્તુઓ, શાકભાજી, અનાજ અને અન્ય સેવાની કિંમતો વધવા લાગે છે, જેનાથી ફુગાવાનો દર બેકાબૂ બનવાની દહેશત રહે છે. મધ્યમ વર્ગ અને શ્રમજીવી વર્ગ માટે આ મોંઘવારી બચત પર કાપ મૂકનાર સાબિત થાય છે. આ વૈશ્વિક આફત સામે પહોંચી વળવા માટે સરકારી સ્તરે અને નીતિ ઘડવૈયાઓ દ્વારા આગોતરી અને સઘન રણનીતિ અપનાવવી અનિવાર્ય છે:

જેમાં સોલર, વિન્ડ અને ગ્રીન હાઇડ્રોજન જેવા રિન્યુએબલ એનર્જી સેક્ટરને વેગ આપીને અશ્મિભૂત ઈંધણ (Fossil Fuels) પરની નિર્ભરતા સતત ઘટાડવી પડશે. સરકાર દ્વારા ઈંધણના ભાવના આંચકાઓને સામાન્ય પ્રજા સુધી પહોંચતા અટકાવવા માટે ટેક્સ સ્ટ્રક્ચરમાં જરૂરી રાહતો આપવી અને રાજકોષીય ખાધ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવું પડશે. સપ્લાય ચેઇનને વધુ મજબૂત બનાવીને સ્થાનિક ઉત્પાદકોને પ્રોત્સાહન આપવું જોઈએ જેથી આયાતી મોંઘવારીની અસર ન્યૂનતમ રહે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) ની આ ચેતવણી માત્ર એક આંકડાકીય અહેવાલ નથી, પરંતુ ભવિષ્યમાં આવનારી આર્થિક આંધી સામે ચેતી જવાનો સ્પષ્ટ સંકેત છે. મધ્ય પૂર્વનો આ સંઘર્ષ ભલે આપણા ભૌગોલિક સીમાઓની બહાર ચાલી રહ્યો હોય, પરંતુ વૈશ્વિકરણના આ યુગમાં તેની આર્થિક જ્વાળાઓ આપણા ઘર સુધી પહોંચવામાં સમય લેતી નથી. ભારતે અત્યાર સુધી પોતાની આર્થિક નીતિઓની મજબૂતાઈથી વૈશ્વિક કટોકટીનો સામનો કર્યો છે, પરંતુ આગામી સમયમાં સતત સજાગતા, વ્યૂહાત્મક સંગ્રહ અને વૈકલ્પિક બજારો સાથેના મજબૂત સંબંધો જ દેશના અર્થતંત્ર અને સામાન્ય જનતાને આ મોંઘવારીના ભડકાથી બચાવી શકશે.

# વિધાનસભાના સત્રો ટૂંકા કેમ થતા જાય છે?

ઉત્તરાખંડના ગૈરસૈણ ખાતે ૨૭ ઓક્ટોબરથી બે દિવસીય વિધાનસભા સત્ર યોજાવા જઈ રહ્યું છે. વિધાનસભાનાં સ્પીકર રીતુ ખંડૂરીના જણાવ્યા મુજબ, ધારાસભ્યો અત્યાર સુધીમાં કુલ ૪૨૬ પ્રશ્નો પૂછી ચૂક્યા છે. સવાલ એ છે કે આટલા બધા પ્રશ્નો હોવા છતાં સત્ર માત્ર બે દિવસનું જ શા માટે? આ પ્રશ્ન માત્ર ઉત્તરાખંડ પૂરતો મર્યાદિત નથી, પરંતુ દેશની લોકશાહી વ્યવસ્થાની ગંભીર ખામી તરફ ધ્યાન દોરે છે.

પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચ સહિતની સંસ્થાઓના અહેવાલો મુજબ, ભારતનાં મોટાભાગનાં રાજ્યોમાં વિધાનસભાની બેઠકો વર્ષ દરમિયાન સરેરાશ ૩૦ દિવસથી પણ ઓછી યોજાય છે. ઓડિશા, કેરળ અને કર્ણાટક જેવાં રાજ્યોમાં સરખામણીએ વધુ દિવસો સુધી વિધાનસભાની બેઠકો મળે છે, જ્યારે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને પંજાબ જેવાં રાજ્યોમાં સત્રો ઘણી વાર ટૂંકાં રહે છે. કેટલીક વિધાનસભાઓમાં તો વર્ષ દરમિયાન માત્ર ૧૦થી ૧૮ દિવસ જ કાર્યવાહી થાય છે.

આ સ્થિતિ લોકશાહીની ભાવનાને અનુરૂપ નથી. વિધાનસભા માત્ર કાયદા પસાર કરવાનું સ્થળ નથી, પરંતુ સરકારને જવાબદાર ઠેરવવાનું અને પ્રજાના પ્રશ્નો ઉઠાવવાનું મહત્ત્વનું મંચ છે. જ્યારે સત્રો ટૂંકાં હોય છે, ત્યારે મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, શિક્ષણ, આરોગ્ય અને વિકાસ જેવા મુદ્દાઓ પર પૂરતી ચર્ચા થઈ શકતી નથી. અનેક વિધેયકો પણ વિસ્તૃત ચર્ચા કે સમિતિની તપાસ વિના પસાર થઈ જાય છે. બજેટ જેવા મહત્ત્વના વિષય પર પણ મર્યાદિત ચર્ચા થાય છે.

ભારતીય સંવિધાન મુજબ, બે સત્રો વચ્ચે છ મહિનાથી વધુનું અંતર ન હોવું જોઈએ, પરંતુ વર્ષ દરમિયાન વિધાનસભા કેટલા દિવસ મળવી જોઈએ તેની કોઈ એકસરખી ફરજિયાત જોગવાઈ નથી. કેટલાક રાજ્યોએ પોતાના નિયમોમાં બેઠકોના લક્ષ્યાંકો નક્કી કર્યા છે, છતાં તેનું પૂરતું પાલન થતું નથી. લાંબાં સત્રો યોજાય તો સરકારને વિપક્ષના સવાલોનો સામનો કરવો પડે. કદાચ આ જ કારણથી સરકારો ટૂંકાં સત્રોને વધુ અનુકૂળ માને છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે સીએજીનો અહેવાલ સત્રના છેલ્લા દિવસે રજૂ કરવાની પ્રથા અંગે પણ સવાલો ઊઠ્યા હતા. આવા સંજોગોમાં અહેવાલો પર ગંભીર ચર્ચા માટે પૂરતો સમય મળતો નથી. લોકશાહીમાં સરકારની જવાબદારી અને પારદર્શિતા જળવાય તે માટે વિધાનસભાની બેઠકો વધારવી જરૂરી છે.

### સ્થળો સાથે નેતાઓનાં નામ જોડવાનો ઘેલો

એક તરફ લોકશાહીનાં મહત્ત્વનાં મંચો પર ચર્ચા માટે સમય ઓછો થઈ રહ્યો છે, તો બીજી તરફ જાહેર સ્થળો અને વિકાસપ્રોજેક્ટ્સ સાથે રાજકીય નેતાઓનાં નામ જોડવાની પ્રથા વધી રહી છે. અમદાવાદના ક્રિકેટ સ્ટેડિયમને નરેન્દ્ર મોદીનું નામ આપવામાં આવ્યું ત્યારે વિવાદ થયો હતો. હવે નોઈડા ઈન્ટરનેશનલ એરપોર્ટના નામને લઈને પણ રાજકીય ચર્ચા થઈ રહી છે. આ પ્રકારના નિર્ણયોને ઉત્તર પ્રદેશની આગામી વિધાનસભા ચૂંટણી સાથે જોડીને પણ જોવામાં આવે છે. સરકાર આવા નામકરણને વિકાસમાં નેતાના યોગદાનના સન્માન તરીકે રજૂ કરી શકે છે. ઉત્તર પ્રદેશ દેશનું સૌથી મોટું રાજ્ય છે અને નરેન્દ્ર મોદી વારાણસીના સાંસદ છે. મોટા પ્રોજેક્ટ્સ સાથે તેમનું નામ જોડવાથી કેન્દ્ર અને રાજ્ય સરકારની 'ડબલ એન્જિન' સરકારની સફળતાનો સંદેશ લોકો સુધી પહોંચાડવાનો રાજકીય લાભ મળી શકે છે. જોકે, સવાલ એ છે કે જાહેર

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

> **વિધાનસભામાં ચર્ચા માટે પૂરતો સમય ન હોય અને બીજી તરફ નેતાઓનાં નામને મહત્ત્વ આપવામાં આવે, તો લોકશાહીની પ્રાથમિકતાઓ અંગે સવાલ ઊઠે એ સ્વાભાવિક છે**

સંપત્તિ અને વિકાસપ્રોજેક્ટ્સને વ્યક્તિગત નેતાઓનાં નામ આપવાની જરૂર કેટલી છે? આ મુદ્દે વિરોધ પક્ષોની ટીકા પણ સંપૂર્ણપણે અવગણી શકાય તેમ નથી. જીવિત નેતાઓનાં નામે જાહેર સ્થળોનું નામકરણ કરવાથી વ્યક્તિપૂજાને પ્રોત્સાહન મળે છે. બીજી તરફ, દેશમાં નહેરુ-ગાંધી પરિવારનાં સભ્યોનાં નામે અનેક યોજનાઓ, સંસ્થાઓ અને જાહેર સ્થળો છે. રાજીવ ગાંધીનાં નામે પણ વિવિધ સરકારી યોજનાઓ અને સંસ્થાઓ ઓળખાય છે. જવાહરલાલ નહેરુએ પોતાના જીવનકાળ દરમિયાન પોતાના નામે આવાં નામકરણ અંગે અનિચ્છા દર્શાવી હોવાની વાત પણ ચર્ચાતી રહી છે. તેમના અવસાન પછી આ પ્રથા વધુ વ્યાપક બની.

આ સિલસિલો માત્ર એક પક્ષ પૂરતો મર્યાદિત નથી. માયાવતીના શાસનકાળ દરમિયાન ઉત્તર પ્રદેશમાં તેમની પ્રતિમાઓ અને હાથીનાં વિશાળ પૂતળાં મૂકવામાં આવ્યાં હતાં. આ બધું દર્શાવે છે કે રાજકીય પક્ષો ઘણી વાર જાહેર સંસાધનો અને પ્રતીકોનો ઉપયોગ પોતાની રાજકીય ઓળખ મજબૂત કરવા માટે કરે છે.

લોકશાહીમાં નેતાઓના યોગદાનનું સન્માન થવું જોઈએ, પરંતુ તેના માટે જાહેર સ્થળો અને યોજનાઓને તેમનાં નામ આપવાં જ જરૂરી નથી. વિકાસનાં કામો, પારદર્શક વહીવટ અને પ્રજાની સમસ્યાઓના ઉકેલ દ્વારા પણ નેતાઓ પોતાની ઓળખ બનાવી શકે છે. સરકારોએ વ્યક્તિગત મહિમા કરતાં જાહેર હિતને પ્રાથમિકતા આપવી જોઈએ. વિધાનસભામાં ચર્ચા માટે પૂરતો સમય ન હોય અને બીજી તરફ નેતાઓનાં નામને મહત્ત્વ આપવામાં આવે, તો લોકશાહીની પ્રાથમિકતાઓ અંગે સવાલ ઊઠે એ સ્વાભાવિક છે. દુર્ભાગ્ય એ છે કે આપણે વ્યક્તિપૂજામાં એટલા ગળાડૂબ થઈ ગયા છીએ કે લોકશાહીનાં મૂળભૂત મૂલ્યો કરતાં નેતાઓની છબી વધુ મહત્ત્વની બની રહી છે.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

## સમય આવ્યે સમજણ



એક પર્શિયન સૂફી કથા છે, ઇસ્ફહાનના એક સૂફી ફકીર પાસે એક યુવાન આવ્યો. તે ખુબ જ ઉત્સાહી હતો અને અધીરો પણ હતો.તેણે સૂફી ફકીરને કહ્યું, 'મારા મનમાં અનેક પ્રશ્નો છે અને તેના જવાબ મેળવવા મારે તમારા શિષ્ય બનવું છે મને તમારો શિષ્ય બનાવો.'સૂફી ફકીરે કહ્યું, 'તું મારો શિષ્ય આજે અત્યારેજ બની શકે છે પણ તારા પ્રશ્નોના જવાબ હું સમય આવ્યે આપીશ.' યુવાન નવો શિષ્ય બની સૂફી સંત સાથે રહેવા લાગ્યો તેની પાસે અનેક પ્રશ્નો હતા અને બીજા દિવસથી જ તેને પ્રશ્ન પૂછવાની શરૂઆત કરી દીધી.તેણે પૂછ્યું, 'ગુરુજી ખુદા ક્યાં છે?'સૂફી સંતે કઈ જવાબ ન આપ્યો માત્ર એટલું કહ્યું, 'આવતી કાલ સમજાવીશ...' નવો શિષ્ય રોજ નવા પ્રશ્નો લાવતોઃ સત્ય શું છે?, સુખ કેમ મળે?, શાંતિ ક્યા મળે ? વગેરે વગેરે તે રોજે રોજ નવા પ્રશ્નો પૂછતો પણ ગુરુજી દરેક વખતે જવાબ આપવાને બદલે હસીને કહેતા, 'કાલે....' આમ પ્રશ્નો પૂછતા અઠવાડિયાઓ વીતી ગયાં, પણ એકપણ પ્રશ્નનો જવાબ તેને ન મળ્યો, પ્રશ્ન

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

કોઇપણ પૂછતો ગુરુજી એક જ જવાબ આપતા કે કાલે કહીશ પણ એકપણ પ્રશ્નનો જવાબ આપતા નહિ તેથી એક દિવસ શિષ્ય ગુસ્સે થયો અને રીસમાં બોલ્યો, 'ગુરુજી હું કેટલા પ્રશ્નો મનમાં લઈને તમારી પાસેથી તેના જવાબ મેળવવા આવ્યો છું પણ તમે તો તમે કંઈ શીખવતા જ નથી!' સૂફી સંતે તેને આશ્રમમાં ઉગેલો એક એક ગુલાબનો છોડ બતાવ્યો અને તેના પર ઉગેલી તાજી બંધ કળી તરફ આંગળી ચીંધી કહ્યું, 'આ ગુલાબની કળી ખોલી સુંદર ગુલાબ બનાવીને આપ પછી જવાબ આપીશ.' શિષ્યે ખુશ થઈને ગયો કળીની પાંખડીઓ બળથી ખોલી. થોડી વારમાં નાનકડી કળીની નાની નાની પાંખડીઓ ચોળાઈ જીને તૂટીને ખરી પડી. નવો શિષ્ય ગભરાઈને બોલ્યો, 'ગુરુજી, મેં તો તમે કહ્યું એટલે કળીને ગુલાબ બનાવ ફક્ત મદદ કરી હતી!" સૂફી સંતે બાજુના છોડની કળી તરફ ઈશારો કર્યો અને કહ્યું, 'આ છોડને રોજ પાણી આપજે કળીનું ધ્યાન રાખજે તું કઈ ન કરતો જે દિવસે કળીમાંથી ફૂલ ખીલે ત્યારે મારી પાસે આવજે.' શિષ્ય રોજ પાણી રેડતો રહ્યો. દસમા દિવસે સવારે કળી જાતે ઊઘડી. ચારેબાજુ સુગંધ ફેલાઈ. શિષ્યના મોઢેમાંથી કોઈ શબ્દ ન નીકળ્યો પણ તેને કૈંક સમજાયું. સૂફી સંતે પાસે આવી ધીમેથી કહ્યું, 'જે સત્ય બહારના બળથી ખોલાય, તે ચોળાઈ જાય છે. જે સમયે આવે ખીલે, તે સુગંધ આપે છે. મારું કામ પાણી આપવાનું છે, ખીલવવાનું નહીં.તને પણ સમય આવે સમજણ આવશે અને બધું આપોઆપ સમજાશે.' શિષ્ય તે દિવસથી પ્રશ્નો ઓછા પૂછતો, અને સાંભળવામાં વધુ સમય ગાળતો. દરેક વસ્તુનો પોતાનો સમય હોય છે. ધીરજ એ નિષ્ક્રિયતા નથી, એ તો સાચી મહેનત છે જે પરિણામને ખીલવે છે.

# 26 ઓક્ટોબર, જમ્મુ કાશ્મીર વિલય દિવસ, રાજાશાહીથી રાજ્ય સુધીની સફર

ભૂતપૂર્વ જમ્મુ અને કાશ્મીર રાજ્ય દેશનાં અન્ય રાજ્યો કરતાં અનેક રીતે અલગ હતું. તેની ભૌગોલિક રચના, સંસ્કૃતિ, ભાષા, ધર્મ અને રાજકીય ઈતિહાસ તેને વિશિષ્ટ બનાવે છે. આ વિશિષ્ટતાનું એક મહત્ત્વનું પ્રતીક 26 ઓક્ટોબરની તારીખ છે, જેને 'એક્સેશન ડે' એટલે કે વિલય દિવસ તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે અન્ય રાજ્યો પોતાનો સ્થાપના દિવસ ઉજવે છે, ત્યારે જમ્મુ-કાશ્મીરમાં આ દિવસ ભારત સાથેના ઐતિહાસિક જોડાણની યાદ અપાવે છે. 26 ઓક્ટોબર, 2026ના રોજ જમ્મુ-કાશ્મીરના ભારત સાથેના વિલયને 79 વર્ષ પૂર્ણ થશે. આ દિવસનું મહત્ત્વ માત્ર એક ઐતિહાસિક ઘટનાની ઉજવણી પૂરતું મર્યાદિત નથી. ભારતના વિભાજન, પાકિસ્તાન સાથેના સંઘર્ષ અને ત્યારબાદ જમ્મુ-કાશ્મીરના રાજકીય પરિવર્તનોનાં મૂળ પણ આ ઘટનામાં રહેલાં છે.

1947માં બ્રિટિશ શાસનનો અંત આવ્યો ત્યારે જમ્મુ અને કાશ્મીર મહારાજા હરિ સિંહના શાસન હેઠળનું રજવાડું હતું. આ હેતુથી તેમણે ભારત અને પાકિસ્તાન બંને સાથે 'સ્ટેન્ડસ્ટિલ' એટલે કે યથાસ્થિતિ જાળવવાના કરારનો પ્રસ્તાવ મૂક્યો હતો.

આ કરારનો હેતુ બ્રિટિશ શાસન દરમિયાન કાર્યરત ટપાલ, ટેલિગ્રાફ, પરિવહન અને અન્ય વહીવટી સેવાઓ ચાલુ રાખવાનો હતો. જોકે, ત્યારબાદની ઘટનાઓએ મહારાજાની સ્વતંત્ર રહેવાની આશાઓને મોટો ફટકો પહોંચાડ્યો.

22 ઓક્ટોબર, 1947ના રોજ પાકિસ્તાનસમર્થિત કબાયલી લડવૈયાઓએ જમ્મુ અને કાશ્મીર પર આક્રમણ કર્યું. આ હુમલાને કારણે રાજ્યમાં ભારે અશાંતિ ફેલાઈ. લૂંટફાટ, હિંસા અને હત્યાઓના અહેવાલો સામે આવ્યા તથા મોટી સંખ્યામાં લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી. આક્રમણખોરો શ્રીનગર તરફ આગળ વધતાં રાજ્યની સુરક્ષા ગંભીર જોખમમાં મુકાઈ ગઈ.

ભારત સરકારે લશ્કરી સહાય મોકલવા માટે જમ્મુ અને કાશ્મીરના ભારત સાથેના વિલયની શરત મૂકી હતી. પરિણામે મહારાજાએ 26 ઓક્ટોબર, 1947ના રોજ વિલયપત્ર પર હસ્તાક્ષર કર્યા. ત્યારબાદ 27 ઓક્ટોબરે ભારતે વિલય સ્વીકાર્યો અને ભારતીય સેનાને શ્રીનગર મોકલી. આ ઘટનાએ જમ્મુ-કાશ્મીરના ઈતિહાસને નિર્ણાયક વળાંક આપ્યો.

વિલયપત્ર પર હસ્તાક્ષર થવા છતાં સંઘર્ષનો અંત આવ્યો નહોતો.

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

> **જમ્મુ-કાશ્મીરનો ઈતિહાસ માત્ર સરહદો અને સત્તાનો ઈતિહાસ નથી, પરંતુ વિભાજનની વેદના સહન કરનારા લાખો લોકોની કહાની પણ છે**

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું અને રાજ્યનો એક મોટો ભાગ પાકિસ્તાનના નિયંત્રણમાં રહ્યો, જેને ભારત પાક-અધિકૃત કાશ્મીર (પીઓકે) તરીકે ઓળખાવે છે. જમ્મુ-કાશ્મીરની વિશિષ્ટતા તેની આંતરિક વિવિધતામાં પણ હતી. જમ્મુ, કાશ્મીર અને લદ્દાખ–આ ત્રણેય પ્રદેશો ભૌગોલિક, ધાર્મિક, ભાષાકીય અને સાંસ્કૃતિક રીતે અલગ ઓળખ ધરાવતા હતા. આમ છતાં, તેઓ એક જ રાજ્યનો ભાગ હતા. આ રાજ્યમાં ડોગરા શાસનનો ઈતિહાસ, કાશ્મીરની અલગ સાંસ્કૃતિક પરંપરા અને લદ્દાખની વિશિષ્ટ ભૌગોલિક તથા ધાર્મિક ઓળખ એકસાથે જોવા મળતી હતી.

મહારાજા હરિ સિંહને તેમના શાસનકાળ દરમિયાન આંતરિક રાજકીય પડકારોનો પણ સામનો કરવો પડ્યો હતો. શેખ મોહમ્મદ અબ્દુલ્લાના નેતૃત્વ હેઠળ નેશનલ કોન્ફરન્સ રાજાશાહી સામે લોકશાહી અધિકારોની માગણી કરતી હતી. આથી રાજ્યમાં રાજકીય અસંતોષ અને સત્તાસંઘર્ષની સ્થિતિ હતી. 1947માં ભારત અને પાકિસ્તાન વચ્ચે પસંદગી કરવાનો પ્રશ્ન ઊભો થયો ત્યારે મહારાજા આ આંતરિક અને બાહ્ય દબાણો વચ્ચે ફસાઈ ગયા હતા. કબાયલી આક્રમણ બાદ તેમની પાસે નિર્ણય લેવા માટે બહુ ઓછો સમય રહ્યો હતો. મહારાજા હરિ સિંહની સામે એક તરફ સ્વતંત્ર રજવાડા તરીકે ટકી રહેવાની ઈચ્છા હતી, તો બીજી તરફ રાજ્યમાં વધતી રાજકીય અસ્વસ્થતા અને બહારથી ઊભા થયેલા આક્રમણનો પડકાર હતો. આ સંજોગોમાં ભારત સાથે જોડાવાનો નિર્ણય રાજ્યના ભાવિ માટે નિર્ણાયક સાબિત થયો. તે સમયના જમ્મુ-કાશ્મીરની ભૌગોલિક સ્થિતિ પણ અત્યંત મહત્ત્વની હતી. વિલય પછી આ પ્રદેશ દક્ષિણ એશિયાની રાજનીતિમાં સતત ચર્ચાના કેન્દ્રમાં રહ્યો. આ ઘટનાની અસર માત્ર સરહદો કે સત્તા પૂરતી મર્યાદિત રહી નહોતી. વિભાજન અને ત્યારબાદના સંઘર્ષે સામાન્ય નાગરિકોના જીવનને પણ ઊંડે સુધી અસર કરી હતી. આથી 26 ઓક્ટોબરની તારીખને સમજતી વખતે માત્ર રાજકીય દાવાઓ જ નહીં, પરંતુ તે સમયના માનવીય સંકટને પણ યાદ રાખવું જરૂરી છે. ઈતિહાસની આ ઘટના આજે પણ ભારત અને જમ્મુ-કાશ્મીરના સંબંધોને સમજવા માટે મહત્ત્વનો સંદર્ભ પૂરો પાડે છે. જમ્મુ-કાશ્મીરના ભારત સાથેના વિલયની અસર દાયકાઓ સુધી જોવા મળી. 5 ઓગસ્ટ, 2019ના રોજ કેન્દ્ર સરકારે બંધારણની કલમ 370 હેઠળ જમ્મુ-કાશ્મીરને મળતો વિશેષ બંધારણીય દરજ્જો દૂર કરવા માટે પગલાં લીધાં. ત્યારબાદ જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન કાયદા હેઠળ 31 ઓક્ટોબર, 2019થી ભૂતપૂર્વ રાજ્યને જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખ એમ બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યું. આ પરિવર્તનથી રાજ્યની રાજકીય અને વહીવટી રચનામાં મોટો ફેરફાર આવ્યો.

'એક્સેશન ડે'ને જમ્મુ-કાશ્મીરમાં જાહેર રજા તરીકે માન્યતા આપવાનો નિર્ણય પણ ચર્ચાનો વિષય બન્યો હતો. 2020માં તેને સત્તાવાર જાહેર રજાઓની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું. જોકે, આ નિર્ણય અંગે વિવિધ રાજકીય પક્ષો અને સામાજિક વર્ગોમાં જુદા જુદા અભિપ્રાયો જોવા મળ્યા હતા.

મહારાજા હરિ સિંહના પુત્ર ડૉ. કરણ સિંહે તે સમયની ભયાનક પરિસ્થિતિનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે મૃત્યુ અને વિનાશ શ્રીનગર તરફ ઝડપથી આગળ વધી રહ્યાં હતાં અને તેમનું શાંત વિશ્વ તેમની નજર સામે વિખેરાઈ રહ્યું હતું. આ શબ્દો તે સમયની અનિશ્ચિતતા અને લોકોની વેદનાને સમજવામાં મદદ કરે છે. આજે 'એક્સેશન ડે' માત્ર ભૂતકાળની યાદ નથી, પરંતુ ભારતના વિભાજનથી સર્જાયેલા પ્રશ્નો અને જમ્મુ-કાશ્મીરના બદલાતા રાજકીય ઈતિહાસને સમજવાની તક પણ છે. 26 ઓક્ટોબર, 1947ના વિલયે રાજ્યના ભાવિનો માર્ગ નક્કી કર્યો હતો. ત્યારથી અત્યાર સુધી અનેક રાજકીય પરિવર્તનો થયાં હોવા છતાં આ તારીખ ભારત અને જમ્મુ-કાશ્મીરના સંબંધોના ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### દવાના વેપાર માર્જિન અંગે સુપ્રીમ કોર્ટની ટકોર

સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓ સહિત જીવનરક્ષક દવાઓના ઊંચા ભાવ અને તેના પર વસૂલાતા અતિશય નફા અંગે કેન્દ્ર સરકારને કરેલી ટકોર આવકારદાયક છે. માત્ર 11 રૂપિયાની સલાઈન બોટલ 270 રૂપિયામાં વેચાતી હોવા અંગે કોર્ટે સવાલ ઉઠાવી દવાઓના ભાવમાં રહેલી અસમાનતા સામે નારાજગી વ્યક્ત કરી હતી. દવાની વાસ્તવિક કિંમત કરતાં અનેકગણા ઊંચા ભાવે વેચાણ પાછળનું તર્ક શું છે, તેવો પ્રશ્ન પણ કોર્ટે કર્યો હતો. ખાનગી હોસ્પિટલોની ફાર્મસીઓમાં મોંઘા ભાવે દવાઓ વેચાતી હોવાને કારણે સામાન્ય દર્દીઓ પર મોટો આર્થિક બોજ પડે છે. કેન્સરની સારવાર જેવી ખર્ચાળ પ્રક્રિયામાં દવાઓના ઊંચા ભાવ દર્દીઓ અને તેમના પરિવારોની મુશ્કેલીઓ વધારે છે. કેન્સરની દવાઓ પર 30 ટકા નફાની મર્યાદા લાદવામાં આવી હોવા છતાં સુપ્રીમ કોર્ટે તેને પૂરતું પગલું ગણ્યું નથી. સરકારે તમામ આવશ્યક દવાઓ અને તબીબી સાધનોના ભાવ પર અસરકારક નિયંત્રણ લાવવું જોઈએ. દવાઓના ભાવનું વ્યાપક ઓડિટ કરીને નફાખોરી અટકાવવી જરૂરી છે. દર્દીઓની મજબૂરીનો લાભ લઈને થતી આર્થિક લૂંટ બંધ થાય અને દરેક નાગરિકને વાજબી ભાવે દવા મળી રહે તે સુનિશ્ચિત કરવું સરકારની જવાબદારી છે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### લદ્દાખ ભારતનો અભિન્ન હિસ્સો છે

ભારતની જમીન હડપવાનો થીમનો અયોગ્ય અને અનૈતિક મનસા કાયમી રહી છે અને રહેશે એ બાબત સાર્થક કરતાં હાલમાં જ ભારત દ્વારા લદાખનાં 28 સ્થળોનું નવું નામકરણ કરતાં ચીન તેના વાસ્તવિક સ્વરૂપ આવ્યું હતું અને ભારતના આ કાર્યનો વિરોધ કર્યો હતો તેના પ્રત્યુત્તરમાં ભારતે આંતરિક બાબતોમાં સીનમાં હસ્તક્ષેપનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને વધુમાં જણાવ્યું હતું કે ભૌગોલિક વિશેષતાઓને ધ્યાનમાં રાખીને નવાં નામો આપવામાં આવ્યાં છે તેમજ ચીનના અનૈતિક વિરોધ કે ઈનકારથી જમીની સ્થિતિ કે હકીકત બદલાઈ જવાની નથી. આ અગાઉ પણ હિમાચલ પ્રદેશનો અમુક જમીની હિસ્સો ચીનનો છે એવો અસહ્ય રાગ ગાયો હતો. આ સમસ્યામાં કાયમી નિરાકરણ હેતુ ભારતે આંતરરાષ્ટ્રીય સ્તરે જરૂરી કાર્યવાહી જરૂરી બની છે.

**સુરત - રાજુ રાવલ**

### આઠમનું મહત્ત્વ

નવરાત્રીના પાવન પર્વમાં આઠમનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. આસો સુદ આઠમના દિવસે ભક્તો માતા મહાગૌરી અને જગદંબાની આરાધના કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના કરે છે. અનેક પરિવારોમાં આ દિવસે કન્યા પૂજન, હવન અને ધાર્મિક અનુષ્ઠાનોનું આયોજન કરવામાં આવે છે. માતાજીની ભક્તિ માત્ર પૂજા કે ઉપવાસ પૂરતી સીમિત ન રહેતાં જીવનમાં નારીશક્તિના સન્માન, કરુણા અને સદાચારના સંકલ્પમાં પણ પ્રગટ થવી જોઈએ. આઠમ આપણને યાદ અપાવે છે કે શ્રદ્ધા સાથે સદ્કર્મોનું પણ એટલું જ મહત્ત્વ છે. માતાજીની આરાધના જીવનમાં શક્તિ, હિંમત અને સકારાત્મકતાનો સંચાર કરે છે.

**સુરત - મહેશ ભટ્ટ**

### દેશમાં થતાં આંદોલનોનો અંતિમ ઉકેલ

મુખ્ય ચૂંટણી આયુક્ત જ્ઞાનેશકુમારના રાજીનામાની માગ સાથે જંતરમંતર પર યોજાનાર આંદોલનને દિલ્હી પોલીસે સખ્તાઈથી અટકાવ્યું હતું. સીજેપીના નેતાઓની વિમાનમાંથી જ અટકાયત કરવામાં આવી હતી. પત્રકારો, સ્વતંત્ર પત્રકારો અને વકીલોની અટકાયતની ઘટનાઓએ પણ ચિંતા ઊભી કરી હતી.

આ કાર્યવાહી દરમિયાન સામાન્ય નાગરિકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીમાર સગાને મળવા હોસ્પિટલ જતા એક નાગરિકને પોલીસે રસ્તામાં જ અટકાયતમાં લીધા હોવાનો અહેવાલ સામે આવ્યો હતો. પરિવહન અને ઈન્ટરનેટ બંધ કરવાને લઈને સુપ્રીમ કોર્ટે પણ ટકોર કરી હતી. લોકશાહીમાં વિરોધ પ્રદર્શન નાગરિકોનો અધિકાર છે. સરકારની નીતિઓનો વિરોધ કરનાર દરેક વ્યક્તિને દેશવિરોધી ગણવો યોગ્ય નથી. વિરોધ દરમિયાન અરાજકતા ફેલાવનારાં તત્ત્વો સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ, પરંતુ તેના નામે સામાન્ય નાગરિકોના અધિકારોનું હનન ન થવું જોઈએ. સરકાર અને નાગરિકો વચ્ચેના મતભેદોનો ઉકેલ દમનથી નહીં, પરંતુ સંવાદથી આવે છે. લોકશાહીમાં અસહમતિને સ્થાન આપવું અને કાયદો-વ્યવસ્થા જાળવવી, બંને જરૂરી છે. જો સરકાર અને નાગરિકો વચ્ચે ટકરાવ વધશે, તો લોકશાહી વ્યવસ્થામાં વિશ્વાસને નુકસાન પહોંચી શકે છે. તેથી સંયમ, પારદર્શિતા અને વાતચીત દ્વારા જ સમસ્યાઓનું નિરાકરણ લાવવું જોઈએ.

**પંચમહાલ - વિજયસિંહ સોલંકી**

### ચાલવાની જગ્યા કેમ બચતી નથી?

કોઈ પણ જગ્યા પર રસ્તા પર દબાણ કરવું ગેરકાયેદસર છે. બેગમપુરા દાણાપીઠથી જૂની મોટી ટૉકીઝ સુધીનો રસ્તો સુરતના મુખ્ય અને વિશાળ રસ્તાઓમાંનો એક છે. અહીંથી દરરોજ મોટી સંખ્યામાં સુરતીઓ ઉપરાંત બહારગામથી આવતા-જતા લોકો પણ પસાર થાય છે. આવા મહત્ત્વના રસ્તા પર સ્વચ્છતા, પૂરતી લાઈટ અને અવરજવરની સુવિધા હોવી જોઈએ, પરંતુ અહીં રસ્તા પર જૂનાં, ગંધ મારતાં કપડાંનાં પોટલાં અને લાંબા પથારા પાથરીને કાયમી દબાણ કરવામાં આવે છે. સ્થાનિકોની ફરિયાદ મુજબ, દિવસ દરમિયાન જ નહીં, રાત્રે પણ રસ્તા પર આ પોટલાં અને કપડાંનો સામાન પડ્યો રહે છે, જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને મુશ્કેલી પડે છે. રસ્તા પર ગંદકી અને દુર્ગંધને કારણે પસાર થવું પણ મુશ્કેલ બને છે. કેટલાક વેચાણકર્તાઓ દારૂના નશામાં રસ્તા પર પડ્યા રહેતા હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. કોઈ વ્યક્તિને રોજીરોટી કમાવવામાં વાંધો ન હોવો જોઈએ, પરંતુ તેના કારણે જાહેર રસ્તા પર કાયમી દબાણ થાય તે યોગ્ય નથી. આ લોકોને રોજગાર માટે વૈકલ્પિક જગ્યા ફાળવવા અંગે તંત્રએ વિચારવું જોઈએ. ગંદકીથી રોગચાળો ફેલાવાની શક્યતાને પણ અવગણી શકાય નહીં. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ તંત્ર આ ગંભીર સમસ્યા તરફ ધ્યાન આપે અને રસ્તાને દબાણમુક્ત, સ્વચ્છ તથા સુરક્ષિત બનાવવા તાત્કાલિક પગલાં ભરે તેવી માગ ઊઠી છે.

**સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા**

### નવરાત્રિ અને યુવા પેઢી

નવરાત્રિ યુવા પેઢી માટે આનંદ અને ઉત્સાહનો તહેવાર છે. આજના યુવાનો નવરાત્રિની ઉજવણીમાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લે છે. તેઓ ગરબા શીખે છે, પરંપરાગત વસ્ત્રો પહેરે છે અને મિત્રો સાથે આનંદ માણે છે.

આ તહેવાર યુવાનોને ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરા સાથે જોડે છે. ગરબા દ્વારા તેઓ જૂની લોકકલા અને સંગીતને જાણે છે. સાથે જ ટીમવર્ક, શિસ્ત અને એકબીજા સાથે સહકાર રાખવાની ભાવના પણ વિકસે છે.

જોકે, આજના સમયમાં કેટલાક યુવાનો દેખાદેખી અને મોંઘાં કપડાં પાછળ વધુ ખર્ચ કરે છે. કેટલીક વખત મનોરંજનને વધારે મહત્ત્વ મળતાં તહેવારની મૂળ ભાવના ભૂલાઈ જાય છે. યુવાનોએ આ બાબતનું ધ્યાન રાખવું જોઈએ.

નવરાત્રિ દરમિયાન મહિલાઓનું સન્માન કરવું, નિયમોનું પાલન કરવું અને સૌની સુરક્ષાનું ધ્યાન રાખવું જરૂરી છે. યુવાનો સ્વચ્છતા અને સેવાકીય પ્રવૃત્તિઓમાં પણ ભાગ લઈ શકે છે.

આમ, નવરાત્રિ યુવા પેઢી માટે પોતાની સંસ્કૃતિ જાળવવાની અને સારા નાગરિક બનવાની સુંદર તક છે.

**કીમ - કૃતિ પંડ્યા**